ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

બ્લોક નં.ર, પાંચમો માળ, કર્મયોગી ભવન,સેકટર-૧૦/એ,ગાંધીનગર

# જાહેરાત ક્રમાંકઃ.૫/૨૦૧૮-૧૯,વિસ્તરણ અધિકારી(ખેતી) અંગેની વિગતવાર સૂચનાઓ

(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://panchayat.gujarat.gov.in )

---

૧. ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, ગાંધીનગર ધ્વારા પંચાયત સેવાની નીચે દર્શાવેલ **વિસ્તરણ અધિકારી(ખેતી)** સંવર્ગની (વર્ગ-૩) ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર **તા ૧૧/૯/૨૦૧૮ (બપોરના ૧૫-૦૦ કલાક) થી તા. ૨૬/૯/૨૦૧૮ (સમય રાત્રિના ૨૩-૫૯ કલાક સુધી)** દરમ્યાન અરજી કરવાની રહેશે. **તેમજ પરીક્ષા ફી પોસ્ટ ઓફિસમાં ભરવા માટે છેલ્લી તારીખ ૨૯/૯/૨૦૧૮ રહેશે.** ઉમેદવારે તાજેતરનો Photograph (15 kb) અને Signature (15 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે જે ઓનલાઇન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે ઓનલાઇન અરજીમાં દર્શાવ્યા મુજબના પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને આ અંગે ઉમેદવારોને જાણ કરાયા બાદ તેઓએ રુબરુમાં ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. જેની અચુક નોધ લેવી.

અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં ફકરા નંબર **૧૦** માં દર્શાવેલ છે. તે સૂચનાઓ સહીત આ સમગ્ર જાહેરાત ઓનલાઇન અરજી ભરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૧.૧ ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના (અપલોડ કરવાના) નથી. પરંતુ, ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક અશકતતા (હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે, અન્યથા બોર્ડ /નિમણુંક સત્તાધિકારી ધ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી અથવા અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને ઉમેદવારી/પસંદગી/નિમણુંક રદ કરવામાં આવશે, અરજીપત્રકમાં ઓનલાઇન ભરેલી વિગતોની કોઇ પણ પ્રકારની ચકાસણી કર્યા વગર બોર્ડ ધ્વારા ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ (પ્રોવીઝનલ એડમીશન) દાખલ કરી સ્પર્ધાત્મક પરીક્ષા આપવા દેવામાં આવશે., જે પરીક્ષા બાદ પ્રોવીઝનલ રીઝલ્ટ જાહેર થયા બાદ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે.

૧.૨ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને પસંદગીની પ્રક્રિયા આ જાહેરાતમાં ફકરા નંબર **૧૨** માં દર્શાવ્યા મુજબની હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓપ્ટીકલ માર્કસ રીડીંગ (ઓ.એમ.આર.) પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા રહેશે. આ હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન સંભવતઃ બોર્ડ દ્વારા **ઓકટોબર-નવેમ્બર ૨૦૧૮** માં કરવામાં આવશે. આમ છતાં આ બાબતે બોર્ડ જરૂર જણાયે ફેરફાર કરી શકશે.

૧.૩ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની તેમજ ત્યારબાદની બધી જ સૂચનાઓ ઉમેદવારના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં ઉમેદવારે મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો. અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, મોબાઇલ નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે. મોબાઇલ નંબર બદલવા અથવા બંધ થઇ જવાના કારણે ઉમેદવારને એસ.એમ.એસ થી સુચના ન મળે તો તેની

જવાબદારી ઉમેદવારની રહેશે, અને આવા કિસ્સામાં ઉમેદવાર પોતે નિમણુંક મેળવવા ઇચ્છતો ન હોવાનું માનવામાં આવશે.

**૧.૪ <u>વિસ્તરણ અધિકારી(ખેતી) સંવર્ગની ભરવાપાત્ર જગ્યાઓની વિગતઃ-</u>**

જાહેરાત ક્રમાંકઃ ૫/૨૦૧૮-૧૯ **<u>વિસ્તરણ અધિકારી(ખેતી)</u>** સંવર્ગની ભરવાપાત્ર કેટેગરીવાર જિલ્લાવાર ભરવાપાત્ર જગ્યાઓ નીચે મુજબ છે

| ક્રમ | જિલ્લો | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | સા.શૈ.પછાત વર્ગ | અનુ.જાતિ | અનુ.જન જાતિ |
| ૧ | અમદાવાદ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨ | અમરેલી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | આણંદ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | ભરુચ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૭ | ભાવનગર | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | દાહોદ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૧ | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૨ | દેવભૂમિ ધ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૫ | જામનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૬ | જુનાગઢ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૭ | ખેડા | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૮ | કચ્છ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૯ | મહીસાગર | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦ | મહેસાણા | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨૧ | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૨ | નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૩ | નવસારી | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૪ | પંચમહાલ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૫ | પાટણ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨૬ | પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૭ | રાજકોટ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૯ | સુરત | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૧ | તાપી | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૨ | વડોદરા | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૩૩ | વલસાડ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | ૩૬ | ૨૨ | ૦૯ | ૦૦ | ૦૫ |

**(૧) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શકયતા છે. અરજી કરતી વખતે જિલ્લા માટેની પસંદગી દર્શાવવાની નથી, પરંતુ આખરી પસંદગી યાદી અને ભલામણયાદી તૈયાર થયા બાદ મેરીટ અને સીલેકશન**

**કેટેગરી આધારે જિલ્લાની પસંદગી કરવાની/ ફાળવણી કરવાની થશે. આ માટે ફકરા <u>૧૨</u> અને <u>૧૩</u> ની સુચનાઓ જોઇ લેવી.**

**(૨) ઉપરોક્ત ૩૬ જગ્યાઓ પૈકી ૩% પ્રમાણે કુલ ૦૧ જગ્યા શારીરીક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત છે. જે સંબધિત કેટેગરી સામે સરભર કરવામાં આવશે.**

**(૩) ઉપરોકત ૩૬ જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ નીચે મુજબ છેઃ-**

| | |
|---|---|
| **બિન અનામત વર્ગની મહિલા માટે અનામત જગ્યાઓ** | **-- ૦૭** |
| **સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગની મહિલાઓ માટે અનામત જગ્યાઓ** | **-- ૦૩** |
| **અનુસુચિત જાતિ કેટેગરીની મહિલાઓ માટે અનામત જગ્યાઓ** | **-- ૦૦** |
| **અનુસુચિત જન જાતિ કેટેગરીની મહિલાઓ માટે અનામત જગ્યાઓ** | **-- ૦૨** |

૧.૫ અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગની અનામત જગ્યાઓ **ફકત મૂળ ગુજરાતના** જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

૧.૬ સરકારશ્રીની સ્થાયી પ્રવર્તમાન સૂચનાઓ મુજબ આ સંવર્ગની કુલ ખાલી જગ્યાઓ પૈકી (૧)માજી સૈનિક માટે ૧૦ ટકા જગ્યાઓ (૨) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે **<u>૩ ટકા જગ્યાઓ</u>** અનામત રાખવામાં આવશે.

## ૧.૭ <u>મહિલા ઉમેદવારો માટેઃ-</u>

- સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૧૧-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ (ભાગ-૧) ની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારો માટે ૩૩% અનામત ની જોગવાઇ લાગુ પડશે. **મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી પુરૂષ માટે ઠરાવેલ મેરીટના ધોરણે વિચારણા થઇ શકે છે. આ જાહેરાત અન્વયે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.**
- સબંધિત કેટેગરી માટેની આખરી પસંદગી યાદી તૈયાર કરતી વખતે મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગ્યા સંબધિત કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવાર માટે ધ્યાને લેવામાં આવશે.

## ૧.૮ <u>વિધવા ઉમેદવારો માટેઃ-</u>

ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે સબંધિત કોલમમાં કલીક કરવાનું રહેશે. વિધવા ઉમેદવારે જો પુનઃ લગ્ન કરેલ હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે અચુક માહિતી આપવી.વિધવા ઉમેદવારે પુનઃ લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો, ઉમેદવારે નિમણૂક સતાધિકારી/બોર્ડ સમક્ષ પ્રમાણપત્ર ચકાસણી સમયે પુનઃ લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ અચુક રજુ કરવાની રહેશે. જો ઉમેદવાર આ પ્રમાણપત્ર/એફિડેવિટ રજુ નહીં કરે તો વિધવા ઉમેદવાર તરીકેના મળવાપાત્ર લાભ આપવામાં આવશે નહી. પરંતુ અન્ય રીતે યોગ્યતા ધરાવતા હશે તો બોર્ડ ધ્વારા વિચારણા કરવામાં આવશે. જાહેરાતની જોગવાઇ મુજબ લાયક વિધવા ઉમેદવાર કે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોય તેમના કિસ્સામાં સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષામાં તેઓએ મેળવેલ કુલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે

## ૧.૯ <u>માજી સૈનિક ઉમેદવારો માટેઃ-</u>

(૧) ગુજરાત પંચાયત સર્વિસ (રીઝર્વેશન ઓફ વેકન્સીસ ફોર એકસ સર્વિસમેન) રુલ્સ ૧૯૮૯ ની જોગવાઇઓ ધ્યાને લઇ લાયકાત ધરાવતા માજી સૈનિક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

(૨) ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ

(૩) માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ

ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી. એસ.ઇ.બી.સી.) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

૧.૧૦ **શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટેઃ-**

(૧) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોની અનામત રાખેલ **૩ ટકા જગ્યાઓ** સામે પસંદગી પામેલ ઉમેદવારને જે તે કેટેગરી (જનરલ/અનુસુચિત જાતિ/અનુસુચિત જન જાતિ/સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે. સામાન્ય વહીવટ વિભાગના તા ૧૫/૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ/૭/ગ-૨ મુજબ શારીરીક અશકતતા ૪૦ ટકા કે તેથી વધુ હોય તેમને જ શારીરીક અશકતતાના લાભો મળવાપાત્ર રહેશે.

➢ (૨) સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- **અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ તા ૨૦-૧૦-૨૦૧૬**થી વિસ્તરણ અધિકારી(ખેતી) સંવર્ગની સીધી ભરતીમાં શારીરિક અશકત વ્યકિતઓ માટે જગાઓ અનામત રાખવા બાબતે નીચે મુજબની જોગવાઇ થયેલ છે

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | ૧ ટકો | LV=low vision |
| ૨ | શ્રવણની ખામી | ૧ ટકો | HH=Hearing handicapped |
| ૩ | હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧ ટકો | OA<br>(OA = one arm affected (R or L)<br>a. Impaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic<br>OL(OL = one leg affected ( R or L)<br>a. Impaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic |
| LV અને HH ની વિકલાંગતા હોય ત્યા ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધીની (profound/total) વિકલાંગતા ધરાવતા હોય એવા ઉમેદવારો પાત્ર ગણાશે. | | | |

(૩) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં ચોકકસ અને સંપૂર્ણ માહિતી આપવાની રહેશે.

(૪) નિયમાનુંસાર શારીરિક અશકતતા ધરાવતાં હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશકતતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશકતતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) અંધત્વ અથવા ઓછી દષ્ટિ (૨) શ્રવણની ખામી (૩) હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો તે પૈકીની કઇ શારીરિક અશકતતા છે તે સ્પષ્ટ દર્શાવવુ.

(૫) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે તેના દાવાના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા ૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-૨ થી તેમજ વખતોવખત નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ /સિવીલ સર્જન/ મેડીકલ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે,તેમજ આ અસલ પ્રમાણપત્ર સક્ષમ સતાધિકારી ધ્વારા માંગણી કરાયેથી અચુક રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર નિમણૂક અધિકારી/બોર્ડ સમક્ષ રજુ

કરવામાં નહીં આવે,તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને શારીરિક અશકતતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં અને પસંદગી/નિમણુંક રદ કરવામાં આવશે શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે ઓનલાઇન અરજીમાં અશકતતા પ્રકાર,પ્રમાણપત્ર નંબર અને તારીખ યોગ્ય કોલમમાં અચુક દર્શાવવાનો રહેશે.

૧.૧૧ <u>**સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટેઃ-**</u>

(અ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નતવર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું (નોનક્રિમિલેયર) નિયત નમુનાનું સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા ૨૭-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૧૦૯/૧૬૬૩/અથી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં) ના નમુનાના પ્રમાણપત્ર બોર્ડ માગે ત્યારે રજુ કરવાનુ રહેશે **(અંગ્રેજીમાં કઢાવેલ નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોઇ, આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણવામાં આવશે નહિ).**

(બ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા ૨૬-૪-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી બિન ઉન્નતવર્ગના (Non Creamy layer) પ્રમાણપત્રની અવધિ (Validity) આવુ પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ નાણાકીય વર્ષ સુધી માન્ય ગણાશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહું ઠરાવની નીતીનો અમલ તા.૧/૪/૨૦૧૬ થી કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. એટલે કે તા.૧/૪/૨૦૧૬ પહેલાની ઇશ્યુ તારીખ ધરાવતા નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણાશે નહી. ઉમેદવારે આવા (Non Creamy layer) પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે ફરજિયાત પણે દર્શાવવાના રહેશે. <u>**આવુ (Non Creamy layer) સર્ટીફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં સક્ષમ સત્તાધિકારી ધ્વારા ઈસ્યુ કરાયેલ હોવુ જોઇશે. અરજી કરવાની છેલ્લી તારીખ બાદ ઇસ્યુ થયેલ નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ આ જાહેરાત માટે માન્ય ગણાશે નહી**</u>.

(ક) પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકતાં ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. આથી, ઓનલાઇન અરજી કરતી વખતે ઉન્નતવર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમુનાનું પ્રમાણપત્ર ન ધરાવતા હોય તેવા ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે.

(ડ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઇશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉકત માપદંડો પૈકી કોઇ પણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સબંધિત ઉમેદવારે તથા તેના માતા પિતા/વાલીએ સ્વયં સબંધિત સત્તાધિકારી તેમજ તેના ધ્વારા પ્રમાણપત્રમાં કોઇ ફેરફાર કરવામા આવે તો ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને કરવાની રહેશે.ઉમેદવાર માતા-પિતા/વાલી આવી જાહેરાત નહી કરીને કોઇ પણ વિગતો છુપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર થશે. ઉન્ન્ત

વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટેનો કોઇ પણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા પિતા/વાલીની વ્યકિતગત રીતે અને સંયુકત રીતે રહેશે.

(એફ) ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્રની વિગતો જણાવેલ હોય તેની જ નકલ પ્રમાણપત્રો ચકાસણી વખતે રજુ કરવી ફરજીયાત છે.

૧.૧૨ <u>**રમતગમતના ઉમેદવારો માટેઃ-**</u>

માન્ય રમતગમતની માન્ય સ્પર્ધાઓમાં વિજેતા થયા /ભાગ લીધેલ હોવાના નિયત નમુનાના પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૭૭/ ૨૬૬૦/ ગર તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૧૮૮/ ૩૬૪૪/ગ.૨ તથા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવક્રમાંકઃ-સીઆરઆર/૧૦૯૯/યુઓ/૪૧૧૦/ગ-૨ તા ૧૮-૪-૨૦૦૧ તેમજ વખતો વખતના સરકારશ્રીના ઠરાવોની જોગવાઇ મુજબ નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર બોર્ડ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના વધારાના મળવાપાત્ર ગુણ માટે હક્કદાર થશે. ઓનલાઇન અરજીપત્રકના કોલમમાં Sports વિગતો દર્શાવનાર ઉમેદવારે જો બોર્ડ માંગે ત્યારે ઉકત ઠરાવથી નિયત નમુનામાં ઠરાવેલ આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને Sports ના વધારાના ગુણ મળવાપાત્ર થશે નહીં.

૧.૧૩ <u>**એક ઉમેદવાર એક અરજી (No multiple application):**</u>

(અ) એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં, એકથી વધુ અરજી (multiple application) ના કિસ્સામાં ફી સહીત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી (સૌથી ઉંચા નંબરની) એક જ અરજી માન્ય રહેશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે.

(બ) એક કરતાં વધારે અરજી કરવામાં આવશે તો, (multiple application) ફી ભરેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે.

(ક) અનામત વર્ગના ઉમેદવારે ફી ભરવાની થતી નથી તેવા ઉમેદવારોની સૌથી છેલ્લી અરજી (ફી સાથે કે ફી વગર) માન્ય ગણવામાં આવશે. અને તે સિવાયની બધી અરજીઓ રદ ગણવામાં આવશે.

## ૨. **રાષ્ટ્રીયતા** :

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

- ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક હોય અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય અથવા

(ગ) ભુતાનનો પ્રજાજન હોય અથવા

(ઘ) મુળ ભારતની વ્યકિત હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન,(મ્યાનમાર) શ્રીલંકા, કેન્યા,યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો ટાન્ઝાનિયાનો સંયુકત પ્રજા સત્તાક,(અગાઉ ટાન્ગાનિકા અને ઝાઝીબાર,) જામ્બીયા, મલાવી,ઝૈર, ઇથોપીયા અન વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવી હોય પરંતુ (ખ)(ગ)(ઘ) વર્ગ હેઠળ આવતા ઉમેદવાર જેની તરફેણમાં રાજય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યુ હોય તેવી વ્યકિત હોવા જોઇશે.

૩. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :

૩.૧ વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતોઃ-

| જા. ક્ર. | સંવર્ગ | શૈક્ષણિક લાયકાત | વયમર્યાદા |
|---|---|---|---|
| ૫/૨૦૧૮-૧૯ | વિસ્તરણ અધિકારી (ખેતી) (વર્ગ-3) | A candidate shall possess<br>(i) A bachelor's degree in Agriculture or Horticulture of any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956;<br>(ii) the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment(General) Rules 1967;<br>(iii) adequate knowledge of Gujarati or Hindi or both | A candidate shall, not be less than 21 years and not be more than 35 years of age. |

૩.૨ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ (૨૬/૯/૨૦૧૮)ના રોજ ધરાવતો હોવો જોઇશે.

૩.૩ ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત માન્ય યુનિર્વસીટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

૩.૪ શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહી.

૩.૫ ઉમેદવારે સક્ષમ સતાધિકારી ધ્વારા જણાવવામાં આવે ત્યારે માન્ય યુનિર્વસિટી/સંસ્થાના ગુણ પત્રક અને પદવી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૪. <u>વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ **(cut off date)**:</u>

તમામ ઉમેદવારોનાં કિસ્સામાં વયમર્યાદા તા ૨૬/૯/૨૦૧૮ સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૫. <u>શૈક્ષણિક લાયકાત/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ **(cut off date) :-**</u>

જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં શૈક્ષણિક લાયકાત અને અન્ય જરુરી લાયકાત માટે <u>અરજી કરવાની છેલ્લી તારીખ ૨૬/૯/૨૦૧૮ ની</u> સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૬. <u>માન્ય સંસ્થાના પ્રમાણપત્ર</u>

- ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની માન્યતા તેમજ સબંધિત યુનિર્વસિટી/સંસ્થાની માન્યતા તેમજ સબંધિત અભ્યાસક્રમની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે બોર્ડનો નિર્ણય આખરી ગણાશે. જેની સબંધિતોએ નોધ લેવી.

૭. <u>વયમર્યાદામાં છુટછાટઃ</u>-

મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના, ઉમેદવારો તથા તમામ મહિલા, શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૭.૧ | સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૭.૨ | અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૭.3 | અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૭.૪ | સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૭.૫ | સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૭.૬ | અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો | ૧૫ વર્ષ |
| ૭.૭ | અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો | ૨૦ વર્ષ |

(મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ )

૭.૫ <u>માજી સૈનિક ઉમેદવારો માટેઃ</u>-

(૧) ઉમેદવારે પોતે સૈનિક તરીકે સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની હાલની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં, પરંતુ કોઇપણ સંજોગોમાં માજી સૈનિકની ઉંમર ૪૫ વર્ષ કરતા વધવી જોઇએ નહી.

(૨) ગુજરાત પંચાયત સર્વિસ (રીઝંર્વેશન ઓફ વેકન્સીસ ફોર એકસ સર્વિસમેન) રુલ્સ ૧૯૮૯ ની જોગવાઇઓ ધ્યાને લઇ લાયકાત ધરાવતા માજી સૈનિક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

(3) ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ, માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં તથા પરિશિષ્ટમાં માજી સૈનિક તરીકે ફરજ બજાવ્યાના સમયગાળાની વિગતો આપવાની રહેશે. માજી સૈનિક ઉમેદવારે નિયત નમુના મુજબનું અધિકૃત અધિકારીની સહીવાળું , સશસ્ત્રદળોમાં ઉમેદવારના નોકરીના સમયગાળા દર્શાવતું પ્રમાણપત્ર બોર્ડ સમક્ષ માંગણી થયેથી રજુ કરવાનું રહેશે. જો ઉમેદવારે તેની ઓનલાઇન અરજીમાં માજી સૈનિક કેટેગરીમાં કલીક કરેલ હોય અને ભવિષ્યમાં બોર્ડ ધ્વારા માંગણી કરાય ત્યારે જો ઉમેદવાર માજી સૈનિક તરીકેના અધિકૃત આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ઉમેદવારનો માજી સૈનિક તરીકે નોકરી મેળવવા અંગેનો હકક દાવો ધ્યાને લેવામાં આવશે નહી. અને માજી સૈનિક માટે ઠરાવેલ મેરીટ અન્વયે પસંદગી થયેલ હશે તો પસંદગી /નિમણુંક રદ કરવામાં આવશે.

(૪) ઉમેદવાર નિયમાનુંસાર શારીરિક અશકતતા ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ શારીરિક અશકતતાનાઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદામાં છુટછાટ અને અનામતનો લાભ મળશે. જાહેરાતમાં શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરુપ જે પ્રકારની શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે, આવા પ્રસંગે ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

(૫) આ જાહેરાતના પેરા ક્રમાંકઃ- ૧.૧૧ માં દર્શાવેલા માપદંડો સંતોષતા હોય તેવા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટનો લાભ મળવાપાત્ર થશે.

(૬) **માજી સૈનિક સહિત** તમામ કેટેગરીના એટલે કે બિનઅનામત તથા અનામત વર્ગના મહિલા ઉમેદવાર નિયમાનુંસાર શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવાર અને અનામત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં

## ૮. <u>પગાર ધોરણઃ-</u>

પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર કરાર આધારીત નિમણુંક થયેથી, નાણાં વિભાગના તા. ૨૯-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭-ઝેડ-૧, તથા ઠરાવ નં.ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા ૬-૧૦-૨૦૧૧ તથા ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા ૨૦-૧૦-૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭ (પાર્ટ-૨)/ઝ-૧ તા ૨૦-૧૦-૨૦૧૫ તથા ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ <u>તા ૧૮-૧-૨૦૧૭</u> ની જોગવાઇ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે <u>રૂા.૩૧૩૪૦/-</u> પ્રતિમાસ ફિકસ પગારથી નિમણુંક અપાશે તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે. પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક સત્તાધિકારી ધ્વારા નાણા વિભાગનાં તા. ૨૮-૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧ , માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન તથા નામ. સુપ્રિમકોર્ટમાં દાખલ થયેલ એસ.એલ.પી નં.૧૪૧૨૪/૨૦૧૨ અને ૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહીને આ જગ્યા ઉપર કરાર આધારીત નિમણુંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણુંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમાનુસાર નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે.

## ૯. <u>કોમ્પ્યુટરની જાણકારીઃ-</u>

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૮-૨૦૦૮ ના સરકારી ઠરાવ નં. સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫, થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ ઉમેદવાર કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. **અથવા** સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/ ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. ઓનલાઇન અરજી કરવાના તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ આવા ઉમેદવારોએ **નિમણુંક સત્તાધિકારી સમક્ષ** કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણુંક સત્તાધિકારી/બોર્ડ આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

## ૧૦. <u>અરજી કરવાની રીત</u> :-

આ જાહેરાતના સંદર્ભમાં બોર્ડ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખ : ૧૧/૦૯/૨૦૧૮ (બપોરના ૧૫-૦૦ કલાક) થી **તા ૨૬/૯/૨૦૧૮**(સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે

1) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવું.
2) હવે "Apply On line" Click કરવું.
3) " **<u>VISTRAN ADHIKARI (KHETI)</u>**" ની જાહેરાત ક્રમાંકઃ ૫/૨૦૧૮-૧૯ ઉપર click કરવાથી screen ઉપર more details અને Apply now ના ઓપ્શન જોવા મળશે. more details click કરવાથી વિગતવાર જાહેરાત જોવા મળશે. જે વાંચી જવી.

4) તેની નીચે "Apply now" પર click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
5) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર click કરવું.
6) તેની નીચે "Self declaration" વાંચીને તેની ઉપર click કરવું. ત્યારબાદ
7) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.
8) હવે "save" પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે.
9) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
10) હવે Upload Photograph પર click કરો. અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ, OK પર click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધારે નહિં, તે રીતે સ્કેન કરી, computer માં Save કરેલા હોવા જોઈએ.) "browse" button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

    જે ફોટો અપલોડ કરવામાં આવ્યો હોય તે જ ફોટાની નકલ લેખિત પરીક્ષામાં હાજરીપત્રકમાં ચોંટાડવાની રહેશે. તેમજ પછીના દરેક તબક્કે બોર્ડ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. આથી ઓનલાઇન અરજીપત્રકમાં અપલોડ કરેલ ફોટોગ્રાફની ચારથી પાંચ નકલો કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો, ઉમેદવારની ઓળખ પ્રસ્થાપિત નહીં થવાના કારણે ઉમેદવારની ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.
11) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો online સ્વીકાર થઈ જશે.
12) એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે બોર્ડ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો બોર્ડ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક અશકતતાનો પ્રકાર, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી નામ, અટકના સ્પેલીંગ સહીત કરી લઇને તેને અનુરૂપ વિગતો જ ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે.

બોર્ડ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ બોર્ડ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં બોર્ડની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

13) confirm application પર click કરતાં **<u>અહીં "confirmation number" generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.</u>** કન્ફર્મેશન નંબર સિવાય કોઇ પણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. ઉમેદવારે Confirm થયેલ અરજીપત્રકની પ્રીન્ટ અચૂક કાઢી તેને સાચવી રાખવી, અને માંગણી કરવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

14) **<u>હવે print application પર click કરવું. અહીં તમારો confirmation number ટાઈપ કરવો અને print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવા જણાવવામાં આવે છે. જેથી ઉમેદવારે પોતે ઓનલાઇન રજૂ કરેલી અરજીની તે નકલ જરૂર પડ્યે ઉપયોગમાં લઇ શકાય.</u>**

15) જનરલ કેટેગરીના ઉમેદવારે અરજી કન્ફર્મ થયા બાદ ફકરા- **<u>૧૧</u>** માં આપેલ સુચનાઓ અનુસાર પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- તથા પોસ્ટલ ચાર્જ રૂ.૧૨/-ચલણથી ભરવાના રહેશે. આ ચલણ પણ OJAS વેબસાઇટ ઉપરથીજ ડાઉનલોડ કરવાનું રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ નિયત સમયમર્યાદામાં ફી ન ભરનાર જનરલ કેટેગરીના ઉમેદવારની ઉમેદવારી આપો આપ રદ ગણાશે.

**૧૧.** <u>પરીક્ષા ફી</u> :-

(૧) ફોર્મ ભરતી વખતે " General " કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા (SC, ST, SEBC, PD તથા Ex-servicemen કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૨) જનરલ કેટેગરીના ઉમેદવારોએ ફી ભરવાની હોઇને જયારે OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષાફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલન સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સિક્કા / સ્ટીકર સાથે પરત આપશે. પરીક્ષા ફી ભર્યાના ચલનની નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે રાખવી વધુ હિતાવહ રહેશે.

(૩) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

(૪) આ સંવર્ગમાં ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ **<u>૨૬/૯/૨૦૧૮</u>** છે.પરંતુ જનરલ કેટેગરીના ઉમેદવારો માટે પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા **<u>૨૯/૯/૨૦૧૮</u>** પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધી ની રહેશે.

(૫) પરીક્ષા ફી ભર્યા બાદ, રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(૬) પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને SMS ના મળે તો, તાત્કાલિક ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

(૭) અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

(ક) અનુસૂચિત જાતિ (SC)

(ખ) અનુસૂચિત જન જાતિ (ST)

(ગ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)

(ઘ) માજી સૈનિક (Ex-serviceman) તમામ કેટેગરી

(ચ) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો (PD) તમામ કેટેગરી

**ખાસ નોધઃ- જનરલ કેટેગરીના ઉમેદવારોએ નિયત કરેલ સમયમર્યાદા તા ૨૯/૯/૧૮ સુધી પરીક્ષા ફી ભરેલ હશે તો જ ઓનલાઇન કોલલેટર (હોલટિકીટ) /પરીક્ષા પ્રવેશપત્ર નીકળશે, જેની ખાસ નોધ લેવી.**

**૧૨. લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને પસંદગી પ્રક્રિયા :-**

(૧) ઓનલાઇન અરજીપત્રકમાં ઉમેદવારે ભરેલ વિગતોની કોઇ પણ ચકાસણી કર્યા વગર ઉમેદવારોને **આ** જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે દાખલ કરી બોર્ડ ધ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ ઓજસની વેબસાઇટ https://ojas.gujarat.gov.in મારફત online કોલલેટર (હોલટિકીટ) ઇસ્યુ કરીને પરીક્ષાના તારીખ, સમય અને સ્થળની જાણ કરવામાં આવશે. જે માટે બોર્ડ ધ્વારા કામચલાઉ ધોરણે દાખલ કરેલ ઉમેદવારોને OJAS ની નિયત વેબસાઇટ ઉપરથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર (હોલટિકીટ)online download કરવા માટે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તેઓના મોબાઇલ નંબર ઉપર "SMS" મોકલીને અને અગ્રગણ્ય અખબારોમાં તેમજ વેબસાઇટ ઉપર ટૂંકી જાહેરાત આપીને જાણ કરવામાં આવશે. મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરના કોઇ ટેકનીકલ પ્રોબલેમને કારણે અથવા અન્ય કોઇ કારણોસર મોબાઇલ સેવા નેટવર્ક ખોરવાઇ જવાના સંજોગોમાં SMS ઉમેદવારને ન મળે તો તેની જવાબદારી બોર્ડની રહેશે નહિ. જેથી અરજી કરનાર ઉમેદવારોને કોલલેટર (હોલટિકીટ) ડાઉનલોડ કરવા માટે OJAS ની વેબસાઇટ https://ojas.gujarat.gov.in ની સમયાંતરે મુલાકાત લેવા તેમજ વર્તમાનપત્રોમાં કોલલેટર (હોલટિકીટ) ડાઉનલોડ કરવાની બોર્ડની જાહેરાત જોતા રહેવા સલાહ આપવામાં આવે છે. કોઇ પણ સંજોગોમાં કોલલેટર (હોલટિકીટ)સિવાય ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ મળશે નહિ જેની નોધ લેવી. જેથી ઉમેદવારોએ ઓનલાઇન ડાઉનલોડ કરેલ કોલલેટર (હોલટિકીટ)પરીક્ષા આપવા જતી વખતે સાથે રાખવો ફરજીયાત છે. વખતોવખતની માહિતી માટે પંચાયતવિભાગની વેબસાઇટ https://panchayat.gujarat.gov.in જોતાં રહેવું.

(૨) સદર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ગુજરાત સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૭-૪-૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૧૧ ઓફ ૨૦૧૨/પીઆરઆર/ ૧૦૨૦૦૯/૧૯૭૬/ડી, થી ઠરાવ્યા મુજબ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) નિયમો ૨૦૧૨ ના નિયમ મુજબ ફકત -૧ (એક) પ્રશ્નપત્ર નીચે મુજબ રહેશે.

**ઉકત પ્રશ્નપત્રમાં પ્રશ્નપત્ર (હેતુલક્ષી), સમયઃ ૧ કલાક, કુલ ગુણ-૧૦૦**

**ઉકત પ્રશ્નપત્રમાં**

| વિષય | ગુણ |
|---|---|
| (૧) ગુજરાતી ભાષા અને વ્યાકરણ | ૨૦ |
| (૨) અંગ્રેજી વ્યાકરણ | ૨૦ |
| (3) સામાન્ય જ્ઞાન | ૨૫ |
| (૪) જગાને લગતી કામગીરી અંગેની જરૂરી જાણકારી અને ફરજપાલનનું મુલ્યાંકન કરતા હેતુલક્ષી પ્રશ્નો | ૩૫ |
| કુલ | ૧૦૦ |

**(3)** આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપર દર્શાવ્યા મુજબના વિષયોને આવરી લેતા હેતુલક્ષી પ્રશ્નોનું ઉત્તરપત્ર ઓ.એમ.આર. (ઓપ્ટીકલ માર્કસ રીડીંગ) પધ્ધતિ સ્વરુપનું રહેશે.

**(૪)** પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. બોર્ડ ધ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઇનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ (i) પ્રત્યેક ખોટા જવાબદીઠ (-0.3)(માઇનસ ત્રણ દશાંશ). (ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ (-૦.૪)(માઇનસ ચાર દશાંશ) (iii) એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-૦.૬) (માઇનસ છ દશાંશ) (iv) દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" " Not Attempted " રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને " Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહી. આમ સાચા જવાબ ધ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i),(ii),(iii) મુજબ માઇનસ બાદ થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

**(૫)** બોર્ડ ધ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તારીખ નિયત થયેથી બોર્ડ ધ્વારા નિયત થનાર પરીક્ષા સ્થળોએ યોજવામાં આવશે. સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાની તારીખ , સમયમાં અનિવાર્ય સંજોગોને કારણે બોર્ડ ફેરફાર કરી શકશે. ઉમેદવારોને આ અંગેની જાણ ઓનલાઇન અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર "SMS" ધ્વારા તેમજ વેબસાઇટ ઉપર અને અગ્રગણ્ય અખબારોમાં જાહેરાત પ્રસિધ્ધ કરીને જાણ કરવામાં આવશે. ત્યારબાદ ઉમેદવારોએ કોમ્પ્યુટર ઉપર OJAS ની વેબસાઇટ ઉપરથી નિયત સમયમર્યાદામાં online કોલલેટર (હોલટિકીટ)download કરી લેવાના રહેશે. જે માટે ઉમેદવારોએ online કોલલેટર (હોલટિકીટ)મેળવવા કોમ્પ્યુટર ઉપર OJAS ની વેબસાઇટની મુલાકાત સતત લેવાની રહેશે, અન્યથા ઉમેદવાર જવાબદાર રહેશે.

**(૬)** બોર્ડ ધ્વારા સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ- પવસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ-૪ તા ૨૩-૭-૨૦૦૪ની જોગવાઇઓ ધ્યાને લઇ સામાન્ય કેટેગરીના ઉમેદવારોને જે વયમર્યાદાના અને ગુણવતા(મેરીટ)ના ધોરણ લાગુ પાડવામાં આવ્યા હોય તે જ ધોરણે પસંદગી પામેલ હોય એવા અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો ને સામાન્ય કેટેગરી(બિનઅનામત)ની જગ્યા સામે સરભર કરવામાં આવશે. તેમજ આવા જનરલ કેટેગરીની જગ્યા સામે પસંદગી પામેલ અનામત કેટેગરીના ઉમેદવારોને મેરીટના આધારે જે તે જિલ્લાની સામાન્ય કેટેગરીની ખાલી જગ્યા ઉપર જ ઓનસ્ક્રીન જિલ્લા ફાળવણી રુબરુમાં કરવામાં આવશે. પરંતુ સામાન્ય કેટેગરી માટે નિયત થયેલ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મેળવીને પસંદગી પામેલા અનુસુચિત જાતિ,અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જે તે અનામત કેટેગરીની જગ્યા સામે પસંદ કરવામાં આવશે.

(૭) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત, બોર્ડનીકચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવા બોર્ડને અસલમાં રજૂ કરવાના રહેશે.

(૮) માન્ય રમતગમતની માન્ય સ્પર્ધાઓમાં વિજેતા થયા હોવાના નિયત નમુનાના પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારે સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૭૭/ ૨૬૬૦/ ગર તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૧૮૮/ ૩૬૪૪/ ગર  તથા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવક્રમાંકઃ-સીઆરઆર/૧૦૯૯/યુઓ/૪૧૧૦/ગ-૨ તા ૧૮-૪-૨૦૦૧ અન્વયે નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર બોર્ડ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના વધારાના મળવાપાત્ર  ગુણ માટે હક્કદાર થશે. Sports માં અરજી કરનાર ઉમેદવાર જો બોર્ડ માંગે ત્યારે ઉકત ઠરાવથી નિયત નમુનામાં ઠરાવેલ આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને Sports ના ગુણ મળવાપાત્ર થશે નહીં.

(૯) બોર્ડ ધ્વારા સરકારશ્રીના પંચાયત ગ્રામગૃહનિર્માણઅને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ- કેપી/૧૧ ઓફ ૨૦૧૨/૧૦૨૦૦૯/૧૯૭૬/ડી તા ૧૭/૪/૨૦૧૨ થી ઠરાવેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા)નિયમો ૨૦૧૨ અને જે તે સંવર્ગના ભરતી નિયમો તેમજ વિવિધ અનામત કેટેગરીને લગતા ઠરાવો તેમજ વિધવા તેમજ માન્ય રમતગમતના માન્ય પ્રમાણપત્રો ધરાવતા ઉમેદવારોને મળવાપાત્ર વધારાના ગુણને લગતી જોગવાઇઓ ઓનલાઇન અરજી અન્વયે આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારે મેળવેલ ગુણ અને ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે તમામ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાઇઝ મેરીટ ક્રમાનુસાર આ સંવર્ગની પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સ્થાન પામેલ ઉમેદવારોને સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા ૧૭-૪-૨૦૧૨ ના નોટીફીકેશન નં. કેપી/૧૧ ઓફ ૨૦૧૨/ પીઆરઆર/૧૦૨૦૦૯/૧૯૭૬/ડી  થી બહાર પાડવામાં આવેલ ગુજરાત પંચાયત સર્વીસ (કલાસ ૩) રીક્રુટમેન્ટ (એકઝામીશેન) રુલ્સ, ૨૦૧૨ ના નિયમ-૧૧ ની જોગવાઇ મુજબ પ્રમાણપત્ર ચકાસણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે અને ચકાસણીના અંતે નિમણુંક મેળવવાને પાત્ર જણાયેલ ઉમેદવારોની આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે અને આવી આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને તા ૧૭-૪-૨૦૧૨ના જાહેરનામાના નિયમ-૧૧ ની જોગવાઇ અન્વયે બોર્ડ સમક્ષ રુબરુ બોલાવીને ઉમેદવારને ઉમેદવારની સીલેકશન કેટેગરી પ્રમાણે  રુબરુમાં (ઓનસ્ક્રીન) જિલ્લા ફાળવણી જે તે પસંદગી પામેલ કેટેગરીની  ખાલી જગ્યા ઉપર  મેરીટ ક્રમ આધારે  કરીને વિગતવાર નિમણુંક માટે ભલામણ બોર્ડ ધ્વારા નિયત શરતોને આધીન કરવામાં આવશે. **બોર્ડ ધ્વારા રુબરુ ઓનસ્ક્રિન જિલ્લાફાળવણીમાં મળેલ જિલ્લામાં કોઇ ફેરફાર થઇ શકશે નહી તથા અરસપરસ બદલીની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.**

(૧૦) આ જાહેરાત અન્વયે સરકારશ્રીના પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંકઃ- કેપી/૧૧ ઓફ ૨૦૧૨/૧૦૨૦૦૯/૧૯૭૬/ડી તા ૧૭-૪-૨૦૧૨ થી બહાર પાડવામાં આવેલ ગુજરાત પંચાયત સર્વીસ (કલાસ ૩) રીક્રુટમેન્ટ (એકઝામીશેન) રુલ્સ, ૨૦૧૨ ના  નિયમ-૧૧ અન્વયે જરુરીયાત ઉપસ્થિત થયેથી  જે તે કેટેગરીની વધારાની પસંદગી યાદી અને ભલામણ યાદી જાહેર અને પ્રસિધ્ધ કરવામાં આવશે.પ્રથમ પસંદગી યાદીની જે તે કેટેગરીની ખાલી પડેલ જગ્યાઓ ઉપર પ્રથમ ઉચા મેરીટ ધરાવતા પસંદગી યાદીમાં સમાવિષ્ટ જે તે કેટેગરીના ઉમેદવારોને કે જેઓ જે તે જિલ્લામાં પ્રથમ પસંદગી યાદી અન્વયે નિમણુંક મેળવીને ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારોને ઓનસ્ક્રીન પુનઃ જિલ્લા ગોઠવણી (રીસફલીંગ) ની પ્રથમ તક આપ્યા બાદ

ખાલી રહેતી જે તે કેટેગરીની જગ્યા ઉપર વધારાની પસંદગી અને ભલામણ યાદીમાં સમાવિષ્ટ જે તે કેટેગરીના ઉમેદવારોને તેમની સીલેકશન કેટેગરી પ્રમાણે ઓન સ્ક્રીન જિલ્લા પસંદગીની તક રુબરુમાં આપીને જે તે કેટેગરીની ખાલી પડેલ જગ્યા ઉપર જિલ્લા ફાળવણી કરવામાં આવશે.

**૧૩. અન્ય અગત્યની શરતો :-**

(૧) શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી-SC,ST,SEBC), માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક અશકતતા, અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ બોર્ડ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર અથવા વિસંગતતા સાબિત થાય તો ઉમેદવારનું અરજીપત્રક જે - તે તબકકેથી ‘‘રદ’’ કરવાપાત્ર થશે અને તેવા ઉમેદવારની પસંદગી/નિમણુંક ‘‘રદ’’ કરવામાં આવશે.

**(૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમા ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચુક બાબતે સુધારો કરવાની રજુઆત/વિનંતી ગ્રાહય રાખવામાં આવશે નહિ.**

(૩) ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે આ સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી દ્વારા કરાર આધારીત નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ નિયત કરારના સમયગાળા દરમ્યાન સરકારશ્રીના તે અંગેના પ્રવર્તમાન નિયમાનુસાર પાસ કરવાની રહેશે.

(૪) ઉમેદવાર પોતે આ સંવર્ગની પ્રોવીઝનલ મેરીટ યાદી/પસંદગીયાદી/ભલામણયાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે, જાહેર સેવા માટે તે ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો –૧૯૯૮ અને જે તે સંવર્ગની ભરતી અંગેના પ્રવર્તમાન નિયમોથી ઠરાવેલ નિયમાનુસાર ઉમેદવાર યોગ્ય જણાતા નથી, તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેમની નિમણૂંક ‘રદ’ કરીને પડતા મૂકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૫) આ ભરતી પ્રક્રિયા આ સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો અને પરીક્ષા નિયમોને તેમજ આ બાબતના સરકારશ્રીના કાયદા અને નિયમોની જોગવાઇને સંપૂર્ણપણે આધિન રહેશે.

(૬) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો બોર્ડને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી રદ થયેલી ગણાશે અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી

(૭) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

**(૮). નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી)**

(૧) ઓનલાઇન મુસદા મુજબ અરજી કરેલ ન હોય,

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય,

(૩) અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય,

(૪) અરજી ફેકસ થી, ઇ-મેલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય,

(૫) બિનઅનામત વર્ગના ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય,

(૬) અનુસૂચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનુ નિયત પ્રમાણપત્ર ધરાવતા ન હોય,

(૭) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ના હોવા અંગેનું રાજય સરકારની સેવાઓ માટેનું (નોન-ક્રિમિલીયર) પ્રમાણપત્ર પરિશિષ્ટ-(૪) (ગુજરાતીમાં) રાજયસરકાર માટેનું ધરાવતા ન હોય,

૧૪ . <u>સામાન્ય સુચનાઓઃ-</u>

**(૧) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યા આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના વયમર્યાદાને લગતા ધોરણો લાગુ પડશે.પરંતુ તેઓએ પરીક્ષા ફી ભરવાની રહેશે નહી.**

(૨) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. પરીક્ષા સમયે હાજરીપત્રકમાં તે જ ફોટો લગાવવાનો રહેશે તેમજ બોર્ડ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે.

(૩) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં બોર્ડ તરફથી આ પરીક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહી.જો ઉમેદવાર પોતે મોબાઇલ નંબર બદલશે અને તેવા સંજોગોમાં બોર્ડની સુચનાની જાણ ઉમેદવારને થશે નહી, તેવા સંજોગોમાં સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની પોતાની જ રહેશે.

(૪) સરકારશ્રીના પંચાયત વિભાગની વેબસાઇટ https://panchayat.gujarat.gov.in નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ સૂચના આપવામાં આવે છે.

(૫) **બોર્ડ જે કોઈ ઉમેદવારને-**

1. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે બોર્ડના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
2. બીજાનું નામ ધારણ કરવા માટે,
3. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,
4. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
5. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,
6. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,
7. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,
8. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,
9. OMR ઉત્તરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,
10. પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, અથવા

11. પરીક્ષાના સંચાલન કરવા માટે બોર્ડે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, અથવા

12. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા

13. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષતિ ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય

તો ઉપરોકત ૧ થી ૧૩ કિસ્સાઓમાં ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત - (ક) બોર્ડ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) બોર્ડે, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિદિષ્ટ મુદત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

(૬) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**૧૫. ફેરફાર કે રદ કરવાની બોર્ડની સત્તાઃ-**

આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો બોર્ડનો સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તારીખ** :- ૦૪/૦૯/૨૦૧૮
**સ્થળ** :- ગાંધીનગર

**સચિવ**
ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ,
ગાંધીનગર

**ઉમેદવારોના હિતમાં જાહેર સૂચના**

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના કાર્યક્ષેત્ર હેઠળની પંચાયત સેવાની વિસ્તરણ અધિકારી(ખેતી)(વર્ગ-૩) સંવર્ગની સીધી ભરતી માટે બોર્ડ ધ્વારા ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોના હિતમાં, ઉમેદવારોને લાંચ રુશ્વત/લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે,તેમજ બોર્ડ ના પદાધિકારી/અધિકારી/કર્મચારીને નામે જો કોઇ ઇસમો નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણા ઉઘરાવતા હોય તો તેવા ઇસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઇ અસામાજિક પ્રવૃત્તિ/છેતરપિંડી આપના ધ્યાનમાં આવે તો તરત જ લાંચ રુશ્વત બ્યુરોનાં ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૪૪૪૪૪ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

## ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ધ્વારા જાહેરાત ક્રમાંકઃ૫/૨૦૧૮-૧૯ વિસ્તરણ અધિકારી(ખેતી) જગાનું ચેકલીસ્ટ

આ જગા માટેની વયમર્યાદા તા ૨૬/૯/૨૦૧૮ ની સ્થિતિએઃ-. ૨૧ વર્ષથી ઓછી અને ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇએ નહી.

| ક્રમ | ઉમેદવારની જાતિ | નીચેની તારીખો દરમ્યાન (બન્ને તારીખો સહીત) જન્મેલા હોવા જોઇએ. |
|---|---|---|
| ૧. | સામાન્ય કેટેગરી (પુરૂષ ઉમેદવાર) | તા ૨૬-૦૯-૧૯૮૩ થી તા ૨૬-૦૯-૧૯૯૭ (બન્ને તારીખો સહિત) |
| ૨. | એસ.ટી./એસ.ઇ.બી.સી. (પુરૂષ ઉમેદવારો) (૫ વર્ષ) | તા ૨૬-૦૯-૧૯૭૮ થી તા ૨૬-૦૯-૧૯૯૭ (બન્ને તારીખો સહિત) |
| ૩. | મહિલાઓ (સામાન્ય કેટેગરી) (૫ વર્ષ) | તા ૨૬-૦૯-૧૯૭૮ થી તા ૨૬-૦૯-૧૯૯૭ (બન્ને તારીખો સહિત) |
| ૪. | અનામત વર્ગની મહિલાઓ (૫+૫ વર્ષ) | તા ૨૬-૦૯-૧૯૭૩ થી તા ૨૬-૦૯-૧૯૯૭ (બન્ને તારીખો સહિત) |
| ૫. | ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતા સામાન્ય કેટેગરીના પુરુષ ઉમેદવારો (૧૦ વર્ષ) | તા ૨૬-૦૯-૧૯૭૩ થી તા ૨૬-૦૯-૧૯૯૭ (બન્ને તારીખો સહિત) |
| ૬. | ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતા અનામત વર્ગના પુરુષ ઉમેદવારો (૫+૧૦ વર્ષ) | તા ૨૬-૦૯-૧૯૭૩ થી તા ૨૬-૦૯-૧૯૯૭ (બન્ને તારીખો સહિત) |
| ૭. | ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતી સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારો(૫+૧૦ વર્ષ) | તા ૨૬-૦૯-૧૯૭૩ થી તા ૨૬-૦૯-૧૯૯૭ (બન્ને તારીખો સહિત) |
| ૮. | ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતી અનામત વર્ગની મહિલાઓ (૫ +૧૦+૫ વર્ષ) | તા ૨૬-૦૯-૧૯૭૩ થી તા ૨૬-૦૯-૧૯૯૭ (બન્ને તારીખો સહિત) |
| ૯. | માજી સૈનિકઃ-<br>સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૨-૭-૧૯૮૨ના ઠરાવ ક્રમાંકઃ આરઇએસ-૧૦૮૧/જીઓઆઇ/૫૮/ ગ-૨, અને તા.૨૦-૨-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ આરઇએસ/૧૦૨૦૦૦/યુ.ઓ./૯૫૭/ગ-૨. | આ સંવર્ગની ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે જે ઉમેદવારે માજી સૈનિક તરીકે સશસ્ત્ર દળોમાં છ મહિનાની સળંગ સેવા કરતા ઓછી ન હોય તેટલી સેવા કરી હોય તે માજી સૈનિકને મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ(૩) વર્ષ સુધીની છુટછાટ મળશે. (વધુમાં વધુ ઉપલી વયમર્યાદા ૪૫ વર્ષ રહેશે.) |
| ૧૦. | પરીક્ષા ફીઃ-<br>(૧) ફકત બિન અનામત વર્ગ (સામાન્ય) કેટેગરીના ઉમેદવારો માટે | (૧) ફોર્મ ભરતી વખતે “ બિન અનામત” કેટેગરી સીલેક્ટ કરી હોય (દર્શાવી હોય) તેવા (PH તથા Ex.Servicemen કેટેગરી સિવાય) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ફરવાની રહેશે.<br>(૨) મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો, શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો અને માજી સૈનિકોએ પરીક્ષા ફી ભરવાની નથી. |
| | (૨) અનામત વર્ગ માટે, માજી સૈનિક, ૪૦% કે તેથી વધુ અશકતતા ધરાવતા ઉમેદવાર માટે | વિના મૂલ્યે |

**નોંધઃ-** માજી સૈનિક સહિત ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષથી વધવી જોઇએ નહિં.